અર્થતંત્રને સજીવન કરવા તમામ પ્રયાસ કરાય છે : રાષ્ટ્રપતિ

મંગળ મિશન હાથ ધરવાની તૈયારી પણ ચાલી રહી હોવાનો દાવો : મંદી અને બેરોજગારી દેશની સામે બે મુખ્ય પડકાર હોવાનો પ્રણવ મુખર્જીએ સંસદની સંયુક્ત બેઠકને સંબોધતા દાવો કર્યો : પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી

નવી દિલ્હી, તા.૨૧

સંસદના બજેટ સત્રની પરંપરાગતરીતે શરૂઆત થઈ હતી. બજેટ સત્રના પ્રથમ દિવસે પ્રણવ મુખર્જીએ તેમના સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધન કરતા ઘણા વિષય પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. પ્રણવ મુખર્જીએ દેશની અર્થવ્યવસ્થા, આતંકવાદ, મોંઘવારી, મહિલાઓની સુરક્ષા સહિતના તમામ મુદ્દાઓ પર વાત કરી હતી. આ ઉપરાંત મંગળ મિશનની પણ પ્રણવ મુખર્જીએ વાત કરી હતી. પ્રણવ મુખર્જીએ કહ્યુ હતુ કે અર્થતંત્રને સજીવન કરવાના તમામ પ્રયાસ ચાલી રહ્યા છે. બજેટ સત્રની શરૂઆતમાં સંસદના સંયુક્ત સત્રમાં પ્રણવ મુખર્જીએ તમામ મુદ્દાઓ પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે ભારત આ જ વર્ષે મંગળ મિશન હાથ ધરશે. ૨૦૧૩માં અનેક અંતરિક્ષ મિશન હાથ ધરવામાં આવશે જેમાં મંગળ મિશન માટે પણ તૈયરી ચાલી રહી છે. આ ઉપરાંત પ્રથમ નેવિગેશનલ ઉપગ્રહને છોડવાની પણ તૈયારી ચાલી રહી છે. તેમણે કહ્યુ હતુકે અંતરિક્ષ કાર્યક્રમ અમારી વૈજ્ઞાનિક સિદ્ધિઓ સ્પષ્ટપણે રજુ કરે છે આનાથી દેશને ઘણા ક્ષેત્રોમાં ફાયદો થયો છે. નવમી સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે પોલાર ઉપગ્રહ લોંચથી ભારતે ૧૦૦માં અંતરિક્ષ મિશનની સફળતા મેળવી લીધી હતી. તેમણે ઉમેર્યુ હતુકે સરકાર એક સંપૂર્ણપણે ભૂકંપ સાથે સંબંધિત પ્રયોગ શાળા પણ તૈયાર કરી રહી છે. આતંકવાદના પ્રશ્ને પણ તેઓએ વાત કરી હતી. પાકિસ્તાનને સલાહ આપતા કહ્યુ હતુ કે પાકિસ્તાને એવા કોઈ પગલા લેવા જોઈએ નહીં જેનાથી વિશ્વાસને માઠી અસર થાય. પાકિસ્તાને પોતાની કટિબદ્ધતા પૂર્ણ કરવી જોઈએ. ભારત પેટા ખંડમાં શાંતિ અને સ્થિરતા ઈચ્છે છે. રાષ્ટ્રપતિ તરીકે કેન્દ્રિય કચેરીમાં સંસદના સંયુક્ત સત્રને સંબોધન કરતા તેઓએ આર્થિક મુદ્દા પર વિગતવાર વાત કરી હતી. મહિલાઓની સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. પ્રણવે કહ્યુ હતુ કે મહિલાઓ સામે બની રહેલી ઘટનાઓને લઈને તેઓ ચિંતિત છે. મહિલાઓની સુરક્ષાની ચિંતા છે. મંદી, બેરોજગારી દેશ સામે સૌથી મોટા પડકાર છે. મહિલાઓ સામે ગુનાઓને રોકવા માટે વટહુકમ લાવવામાં આવ્યો છે. જસ્ટિસ જેએસ વર્મા કમિટિની ભલામણો પર વિચારણા કર્યા બાદ આ વટહુકમ લાવવામાં આવ્યો છે જેથી કાયદાઓમાં સુધારા કરીને નવી વ્યવસ્થા કરવામાં આવશે. પ્રણવે એમ પણ કહ્યુ હતુ કે નોકરીના સ્થળે મહિલાઓની સુરક્ષાને લઈને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. વિકાસમાં ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે ઉમેર્યુ હતુ કે સરકાર મૂડીરોકાણની પ્રવૃત્તિને વધારવા અને અર્થતંત્રને ઝડપી કરવા પગલા લઈ રહી છે. વૈશ્વિક અને સ્થાનિક પરિબળો વિકાસ આડે અડચણરૂપ બન્યા છે. અમને બંને પડકારનો પહોંચી વળવાના જરૂર છે. તેમણે ઉમેર્યુ હતુ કે ૨૦૧૨-૧૩ દરમિયાન આર્થિક વિકાસદર દશક નીચે પાંચ ટકાની સપાટીએ પહોંચી શકે છે. સરકાર જીએસટી અંગે સર્વ સંમતિ સાધવા રાજ્યો સાથે મળીને કામ કરી રહી છે. જીએસટીથી પરોક્ષ કરવેરા વ્યવસ્થા વધુ અસરકારક બનશે. મંદી, નોકરીની સુરક્ષા, કર્મચારીઓના ભાવિ અંગે પણ તેઓએ વાત કરી હતી.

ટ્રેડ યુનિયન હડતાળ બીજા દિવસે જારી

ફાયનાન્સિયલ સેક્ટરોને સૌથી માઠી અસર : નુકસાનનો આંક ૨૬૦૦૦૦ કરોડ સુધી પહોંચશે

નવી દિલ્હી,તા. ૨૧

ટ્રેડ યુનિયનોની જુદી જુદી માંગણીઓને લઈને આજે બીજા દિવસે પણ હડતાળ જારી રહી હતી જેથી જરૂરી સેવા યથાવત રીતે ખોરવાયેલી રહી હતી. બંધના કારણે ફાયનાન્સિયલ સેવાને સૌથી માઠી અસર થઈ હતી. નોઈડામાં હિંસાના કારણે ૬૫ લોકો સહિત સેકડો લોકોની ધરપકડ પણ કરવામાં આવી હતી. ટ્રેડ યુનિયનોની હડતાળના કારણે જનજીવનને માઠી અસર થઈ હતી. બેંક અને વિમા તેમજ પરિવહન સેવાને અસર થઈ હતી. હડતાળથી અર્થતંત્રને હજારો કરોડ રૂપિયાનો ફટકો પડ્યો હતો. બે દિવસની આ હડતાળની સીધી અસર તમામ ક્ષેત્રો ઉપર પડી છે. હડતાળની ગઈકાલે ખૂબ જ આઘાતજનક રીતે શરૂઆત થઈ હતી. બુધવારે વહેલી સવારે અંબાલામાં ટ્રેડ યુનિયનના એક નેતાની ઘાતકી હત્યા કરી લેવામાં આવી હતી. એઆઈટીયુસી યુનિયનના ખજાનચી નરેન્દ્રસિંહની કેટલાક તોફાની તત્વોએ અંબાલા બસસ્ટેન્ડ નજીક હથિયારોના ઘા ઝીંકી હત્યા કરી દીધી હતી. યુપીએ સરકારની લોકવિરોધી નીતિ, જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવવધારા, શ્રમકાયદાઓના અમલીકરણમાં ખામી, પીએસયુમાં ડિસઈન્વેસ્ટમેન્ટ, જુદા જુદા સેક્ટરોમાં એફડીઆઈને વધારવા જેવા મુદ્દાઓને લઈને આની શરૂઆત થઈ હતી. જે યુનિયનો હડતાળમાં જોડાયા છે તેમાં કોંગ્રેસ અને ભાજપ તરફી યુનિયનો પણ સામેલ છે. હડતાળ આશરે ૨૦૦૦ જેટલા સ્વતંત્ર યુનિયનો પણ જોડાયા છે. જેથી તેની અસર વધારે તીવ્ર થઈ છે. ટ્રેડ યુનિયનના નેતાઓને હડતાળ પાછી ખેંચી લેવાની અપીલ કરવામાં આવી હોવા છતાં તેની અપીલની તેમના પર કોઈ અસર થઈ નથી. હડતાળના કારણે ૨૬૦૦૦ કરોડનુ નુકસાન થવાની શક્યતા છે. દરમિયાન હડતાળના બીજા દિવસે આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ઓછામાં ઓછી આઠ ફેક્ટરીઓમાં તોફાની ટોળાએ તોડફોડ કરી હતી. સરકારની નીતિઓ સામે સેંકડો લોકોએ સુત્રોચ્ચાર કર્યા હતા જેથી સંપત્તિને ભારે નુકસાન થયુ હતુ. પોલીસે કેટલાક હુમલાખોરોની અટકાયત કરી હતી. એડિશનલ કમિશ્નર ઓફ પોલીસ અજય ચૌધરીએ વિગત આપતા કહ્યુ હતુ કે નોઈડા અને ગ્રેટર નોઈડામાં પણ હિંસાના બનાવ બન્યા છે. દરમિયાન બેંકિંગ સેવા સંપૂર્ણપણે ખોરવાયેલી રહી હતી. એટીએમ હવે ખાલી થઈ રહ્યા છે. મેટ્રો શહેરોમાં વધારે તકલીફ ઉભી થઈ છે. મહારાષ્ટ્રમાં મોટાભાગના એટીએમ આજે ખાલી થઈ ગયા હતા. લોકોને બેંકો બંધ હોવાથી વધારે મુશ્કેલી નડી હતી.

અર્થવ્યવસ્થા ધીમી પડ્યા બાદ ઘણા પડકારો છે : વડાપ્રધાન

બજેટ સત્રની શરૂઆત, વિપક્ષ લડાયક : બજેટ સત્ર સાનુકૂળ, સાર્થક રીતે ચાલશે : સિંહને આશા

નવી દિલ્હી, તા.૨૧

સંસદના બજેટ સત્રની આજે જોરદાર શરૂઆત થઈ હતી. બજેટસત્ર શરૂ થયા બાદ વડાપ્રધાન મનમોહનસિંહે તમામ રાજકીય પક્ષોનો સહકાર માંગતા કહ્યુ હતુ કે વૈશ્વિક અર્થવ્યવસ્થા નબળી પડી રહી છે. આવી સ્થિતિમાં ઉભા થયેલા પડકારોને પહોંચી વળવા તમામના સહકારની જરૂર છે. સિંહે આશા વ્યક્ત કરી હતી કે સંસદનું બજેટ સત્ર સાર્થક અને રચનાત્મકરીતે આગળ વધી શકશે. બજેટ સત્ર દરમિયાન ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ હાથ ધરવામાં આવનાર છે. વિશ્વસનિય પગલા લવાની જરૂર હોવાની તેમણે વાત કરી હતી. સિંહે કહ્યુ હતુ કે બજેટ સત્ર એવા સમયે યોજાઈ રહ્યુ છે જ્યારે અર્થવ્યવસ્થામાં મંદી છે. વૈશ્વિક અર્થતંત્રમાં મંદીની સીધી અસર ભારત ઉપર પણ થઈ છે. તેમણે ઉમેર્યુ હતુ કે અમારા નાણાંકીય કામકાજને કઈ રીતે હાથ ધરી શકાય છે તે મહત્વપૂર્ણ બાબત છે. સિંહે એમ પણ કહ્યુ છે કે સંસદગૃહમાં તમામ સભ્યો સહકાર આપશે તેવી આશા છે. બજેટ સત્રમાં હેલિકોપ્ટર કૌભાંડ, મોંઘવારી, મહિલાઓ સામે અપરાધ અને અન્ય સળગતા મુદ્દાઓ રજુ કરવામાં આવે તેવી શક્યતા છે. તેમણે કહ્યુ હતુ કે સંસદનું કામકાજ સારી રીતે ચાલે તે માટે સરકાર તમામ વર્ગ સાથે રચનાત્મક વાતચીત માટે તૈયાર છે.

રેલવે બજેટ : ૧૦૦ નવી ટ્રેન શરૂ કરવાની યોજના

એસી ડબલ ડેકર, નવી પેસેન્જર ટ્રેન શરૂ કરવાની તૈયારી હાથ ધરાઇ : રેલવે યાત્રી વધારે રાહત આપવાની તૈયારી

નવી દિલ્હી,તા.૨૧

રેલવે બજેટ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે લોકસભામાં રજૂ કરવામાં આવનાર છે ત્યારે એવી માહિતી મળી છે કે રેલવે બજેટમાં ૧૦૦ નવી ટ્રેનો શરૂ કરવાની હિલચાલ ચાલી રહી છે. રેલવે એસી ડબલ ડેકર, નવી પેસેન્જર સર્વિસ ટ્રેન શરૂ કરવાની યોજના ધરાવે છે. રેલવે બજેટ ૨૦૧૩-૧૪માં જુદા જુદા રાજ્યોની માંગને સ્વીકારવાની તૈયારી ચાલી રહી છે. જ્યા સુદી રોલિંગ સ્ટોક કાર્યક્રમોની વાત ચે રેલવે બજેટમાં ૬૦૦ એલએચબી કોચ સહિત ૪૨૦૦ નવા કોચ બનાવવા માટેની જાહેરાત કરવામાં આવી શકે છે. સુત્રોએ કહ્યું છે કે રેલવે બજેટમાં ૨૦ એલએલજી લોકોસ સહિત ૬૭૦ નવા લોકોમોટીવ નિર્માણની જાહેરાત પણ કરવામાં આવી શકે છે. ૧૬૦૦૦ નવા વેગન નિર્માણ માટેની જાહેરાત પણ કરવામાં આવી શકે છે. આ વર્ષના બજેટમાં યાત્રીઓને વધુ સુવિધાઓ આપવા અને તેમની તકલીફોને દુર કરવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ઉત્તરપૂર્વ સહિતના તમામ પ્રદેશોની માંગણીને કેટલાક અંશે સ્વીકારી લેવા તરફ ધ્યાન આપવામાં આવી શકે છે. જુદા જુદા રાજ્યો માટે નવી ટ્રેનો શરૂ કરવા માટે રજૂઆત સંબંધિત

રાજ્યોના પ્રતિનિધીઓ દ્વારા કરવામાં આવી ચુકી છે. રેલવે મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે કેટલીક એક્સપ્રેસ ટ્રેનોની સેવાને લંબાવી શકાય છે. કેટલીક લોકપ્રિય ટ્રેનોની ફ્રિકવન્સીને પણ વધારી શકાય છે. લોકોના પ્રતિનિધીઓને ધ્યાનમાં લિને આ નિર્ણય કરવામાં આવી શકે છે. બજેટમાં આશરે ૧૦૦ નવી ટ્રેનોની જાહેરાત કરવામાં આવી શકે છે. ગયા વર્ષે રેલવે દ્વારા પેસેન્જર સર્વિસ સહિત ૧૭૫ નવી ટ્રેનો જાહેર કરવામાં આવી હતી. ટ્રેનોમાં સ્વચ્છતા અને આરોગ્યને લઈને મુખ્ય ધ્યાન આપવામાં આવશે. ક્વાલિટી ભોજનને લઈને પણ સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની તૈયારી છે. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રેલવે પ્રધાન પવન કુમાર બંસલ તેમનુ પ્રથમ બજેટ રજૂ કરનાર છે. ટોઈલેટ અને કોચને વધારે સ્વચ્છ રાખવા માટે બોર્ડ હાઉસ કિપિંગ સ્કીમ પુરી પાડવા કુલ ૫૪૩ ટ્રેનો ઓળખી કાઢવામાં આવી છે. એસી કોચ અને પેન્ટ્રી કારમાં ફાયર સપ્રેશન સિસ્ટમ સ્થાપિત કરવાની પણ તૈયારી છે. રોકડ કટોકટીનો સામનો કરી રહેલા રેલવે દ્વારા ૩૮૦૦૦ કરોડની માંગણ કરવામાં આવી છે. ગયા વર્ષે રેલવે દ્વારા પેસેન્જર સર્વિસ સહિત ૧૭૫ નવી ટ્રેનો જાહેર કરવામાં આવી હતી. ટ્રેનોમાં સ્વચ્છતા અને આરોગ્યને લઈને મળી શકે છે.

ભજ્જી આજે કેરિયરની ૧૦૦મી ટેસ્ટમેચ રમશે

ચેન્નઈ,તા. ૨૧

ભારતીય સ્પીનર હરભજનસિંહ પોતાની કેરિયરમાં આવતીકાલે વધુ એક મોરપીંછુ ઉમેરશે. હરભજન સિંહ ઓસ્ટ્રેલિયા સામે રમીને પોતાની ટેસ્ટ કેરિયરની ૧૦૦મી ટેસ્ટ મેચ રમશે. હરભજનસિંહને હાલમાં ખરાબ ફોર્મમા કારણે પડતો મુકવામાં આવ્યો હતો. જો કે હરભજનસિંહનો

રેકોર્ડ ખુબ સારો રહ્યો છે. હરભજનસિંહે વધુ સારો દેખાવ કરવાની તક રહેલી છે. હરભજનસિંહ ટેસ્ટ ક્રિકેટમાં હજુ સુધી ૩૨.૭૭ની સરેરાશ સાથે ૯૯ ટેસ્ટ મેચોમાં ૪૦૮ વિકેટ ઝડપી છે. સ્ટ્રાઈક રેટ ૬૮.૧ રહ્યો છે. હરભજન ભારતમાં સૌથી કુશળ બોલર પૈકીના એક તરીકે રહ્યો છે. ૧૦૦મી ટેસ્ટ મેચ રમનાર હરભજન ભારતનો માત્ર ૧૦મો ક્રિકેટર બનશે. હરભજનસિંહે હજુ સુધી ખૂબ સારો દેખાવ કર્યો હોવા છતાં તેને હાલમાં પડતો મુકી દેવામાં આવ્યો હતો. તેને આ ટેસ્ટ મેચમાં સારો દેખાવ કરવાની તક રહેલી છે. ભારત તરફથી અઝહરુદ્દીને ૯૯ ટેસ્ટ મેચ રમી હતી અને તે ૧૦૦મી ટેસ્ટ મેચ રમી શક્યો ન હતો. હરભજન સચિન, કુંબલે, શ્રીનાથ, દ્રવિડ અને લક્ષ્મણ જેવા ખેલાડીઓની યાદીમાં જોડાઈ ગયો છે.

હૈદરાબાદ સિરિયલ બ્લાસ્ટથી હચમચ્યુ : ૨૨થી વધુના મોત

ટિફિન બોમ્બ અને સાઈકલ બોમ્બનો ઉપયોગ કરાયો : બે આતંકવાદીઓને હાલમાં જ ફાંસી આપવામાં આવ્યા બાદ બ્લાસ્ટ:મોતનો આંક વધવાનો ભય

હૈદરાબાદ, તા.૨૧

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભીષણ હુમલાના અપરાધી કસાબ અને સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને ફાંસી પર લટકાવી દેવામાં આવ્યા બાદ દેશમાં આજે સિરિયલ બ્લાસ્ટની પ્રથમ ઘટના બની હતી. હૈદરાબાદને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા સિરિયલ બ્લાસ્ટથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યુ હતુ. આ સિરિયલ બ્લાસ્ટમાં ઓછામાં ઓછા ૨૨ લોકોના મોત થયા છે જ્યારે અન્ય ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. પરંતુ કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આ સિરિયલ બ્લાસ્ટમાં ૧૧ લોકોના મોતને સમર્થન આપ્યુ છે. હૈદરાબાદના દિલસુખ નગરમાં અતિ વ્યસ્ત રહેતા બસ સ્ટેન્ડ નજીક આ બ્લાસ્ટ થયા હતા. ૧૦થી ૧૫ મીટરના અંતરમાં એક પછી એક બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. સાત વાગે પ્રથમ બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ ટૂંકમાં જ બીજો બ્લાસ્ટ થયો હતો. ઘાયલોની સંખ્યા બિનસત્તાવારરીતે ૫૦થી પણ વધુ હોવાનું જાણવા મળ્યુ છે. ઘાયલો પૈકી ઘણાની હાલત ગંભીર પણ જણાવવામાં આવી છે. બ્લાસ્ટ બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે સાંજે જ્યારે સૌથી વધારે લોકો આ વિસ્તારમાં હોય છે ત્યારે દિલસુખ નગર વિસ્તારમાં બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા.

બ્લાસ્ટના સંબંધમાં ઈન્ટેલિજન્સ બ્યુરોએ કોઈ પણ શક્યતાને નકારી નથી પરંતુ બ્લાસ્ટના પગલે દેશભરમાં હાઈએલર્ટની જાહેરાત કરી દેવામાં આવી હતી. કેટલા બ્લાસ્ટ કરાયા તેને લઈને પણ વિરોધાભાસની સ્થિતિ પ્રાથમિકરીતે આવી રહી છે. કેટલાક અહેવાલમાં બ્લાસ્ટની સંખ્યા પાંચ જણાવવામાં આવી છે જ્યારે અન્ય અહેવાલોમાં બ્લાસ્ટની સંખ્યા ત્રણ-બે જણાવવામાં આવી છે. બ્લાસ્ટનો સીલસીલો સાત વાગે શરૂ થયો હતો. પ્રથમ બ્લાસ્ટ સાત વાગે જ્યારે બીજો બ્લાસ્ટ ૭.૦૬ વાગ્યે થયો હતો. જે ત્રણ વિસ્તારમાં બ્લાસ્ટ થયા હતા તેમાં આનંદકિશન સેન્ટર, કોર્ણાક થિયેટર, વેંકાતાદ્રી મુવી થિયેટર ખાતે બ્લાસ્ટ થયા હતા. આ બ્લાસ્ટ ટિફિન બોમ્બ મારફતે કરાયા હોવાનું જાણવા મળ્યુ છે. સાઈકલ બોમ્બનો પણ ઉપયોગ કરાયો છે. બ્રિજ નજીક એક બોમ્બ પણ મળી આવ્યો છે જે ફાટ્યો ન હતો. સ્થાનિક સૂત્રનું કહેવું છે કે ભરચક વિસ્તારમાં ઘણા લોકો હતા. સ્થાનિક પોલીસ પ્રાથમિક તપાસમાં લાગી ગઈ છે. બે દિવસ પહેલા જ ઈન્ટેલિજન્સ સંસ્થાઓએ જુદા જુદા સ્થળોએ બ્લાસ્ટ થશે તે મામલે ચેતવણી જારી કરી હતી. કેન્દ્રિય કેબિનેટની મિટિંગમાં આ મુદ્દે ચર્ચા પણ થઈ હતી. મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હી સહિતના રાજ્યોમાં સાવચેતી રાખવામાં આવી રહી છે. એનઆઈ, એનએસજી અને આઈબીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

તીવ્ર વેચવાલી : સેન્સેક્સમાં ૩૧૭ પોઈન્ટનો ઘટાડો થયો

મુંબઈ, તા.૨૧

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૩૦૦થી પણ વધુ પોઈન્ટ ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો હતો. ઈન્ડેક્સ હેવીવેટના શેરમાં તીવ્ર વેચવાલી જોવા મળી હતી. સેન્સેક્સ કારોબારના અંતે ૩૧૭ પોઈન્ટ ઘટીને ૧૯૩૨ પની સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૧ પોઈન્ટ ઘટીને ૫૮૨ની સપાટીએ પહોંચ્યો છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને ઈન્ટ્રાડે દરમિયાન ૧૯૩૧૮ અને ૫૮૪પની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બજેટ આડે થોડાક દિવસ રહ્યા છે ત્યારે શેરબજારમાં મંદીનુ મોજુ જવા મળી રહ્યુ છે. વૈશ્વિક બજારોમાં પણ આજે ઉથલપાથલ રહી હતી. ઘરઆંગણે સંસદના બજેટ સત્રની શરૂઆત વચ્ચે શેરબજારમાં મંદી રહી હતી. સેક્ટરલ મોરચે મેટલ ઈન્ડેક્સ અને બેકેક્સમાં ત્રણ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો જ્યારે રિયાલિટી, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, પીએસયુ અને ઓટો જેવા કાઉન્ટરો પર મંદી રહી હતી. આ તમામમાં બે ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. એફએમસીજી, આઈટી, પાવર, હેલ્થકેર જેવા સેક્ટરોમાં એક એક ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ સિવાય તમામ મોટા બીએસઈ સેક્ટરલ ઈન્ડેક્સ મંદીમાં રહ્યા હતા. જિંદાલ સ્ટીલ, તાતા સ્ટીલ, સ્ટરલાઈટ, હિન્ડાલ્કો જેવા મેટલના શેરમાં ૨-૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. વૈશ્વિક બજારમાં કોમોડિટીની કિંમતમાં ઘટાડો થઈ રહ્યો છે. આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈ, એચડીએફસી બેંક અને એચડીએફસીમાં ઘટાડો જોવા મળ્યો હતો.

કેપિટલ ગુડ્સના શેરમાં બે ટકાનો ઘટાડો રહ્યો હતો. એલ એન્ડ ટી અને ભેલ જેવા શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઈન્ડેક્સ હેવીવેટ રિલાયન્સમાં બે ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે ઓએનજીસીમાં ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો. તાતા મોટર્સ, મારૂતિ સુઝુકી, એમએન્ડએમમાં એકથી ત્રણ ટકા વચ્ચેનો ઘટાડો જોવા મળ્યો હતો. અન્ય શેરમાં ઉલ્લેખનીય ઘટાડો રહ્યો હતો.

કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

ભાષા - લાલ દરવાજાની ભીડમાં પીઠથી નીતરતાં પરસેવાની ભીના થયેલાં શર્ટની ભાષા - કનૈયાલાલ મુનશીની શબ્દ સમૃધ્ધિમાં ચમકાતી - મેઘાણીની શૌર્યગાથાઓમાં જવાળામુખીઓની જેમ ધગધગ ફાટતી - બક્ષીની કલમમાંથી તેજાબની જેમ ટપકતી ભાષા - ગાંધીજીનાં અક્ષરોમાં ઉકેલી ના શકાતી સાદગીની અને સરદારનાં પહાડી અવાજમાં રણકતી લોખંડી ભાષા - કચ્છની રેતીથી ડાંગની માટી સુધી અલગ અલગ જબાન પર વેરાયેલી બહુરંગી ભાષા, પેરિસનાં કોઈ સ્ટુડિયો ફ્લેટમાં ગુજરાતી પરિવાર સાથે મેથીનાં થેપલાં અને કેરીનાં અથાણાં સાથે વતનની યાદમાં આંખો પલાળીને હસી લેતી ભાષા, મોબાઈલનાં ટેક્સ્ટ બોક્સમાં અંગ્રેજીમાં ટાઈપ થયેલી અવતારધારી ગુજરાતી ભાષા, ખોટી જોડણીઓ સાથે પાનની પિચકારીઓથી લાલ થઈ ગયેલી સરકારી દિવાલો પર રમતી ભાષા, છંદ અને વ્યાકરણનાં નિમયોમાં વિવેચકોએ વર્ષો સુધી દાળની જેમ પળાલી રાખેલી ભાષા - કોમ્પ્યુટરની ફોન્ટ ફાઈલમાં સચવાયેલી ભાષા - વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોમાં પતંગની દોરીમાં સપડાયેલાં કબૂતર જેવી લાચાર ભાષા - સાબરમતીનાં સૂકા પટ પર ને નર્મદાની ભીની રેત પર કોતરાયેલી ભાષા - રાજઘાટ પર દસ ત્રીસ જાન્યુઆરીએ ગવાતાં 'વૈષ્ણવજન' ની ઔપચારિકતાની ભાષા - ખાલી થિયેટરોમાં પડઘાતાં ગુજરાતી ફિલ્મનાં ડાયલોગ અને હિન્દી ફિલ્મો અને સિરીયલોમાં બુલંદ થતાં ગુજરાતી અવાજની ભાષા - આકાશવાણી અમદાવાદની ફ્રિક્વન્સી પર ઝિલાતાં સિગ્નલોની સ્ટીરિયોટાઈપ ભાષા - ગુજરાતી શબ્દકોશ વિનાનાં ઘરમાં રાજીખુશીથી રહેતી મગરૂર ભાષા - મારી ભાષા - આપણી ભાષા - માતૃભાષા! હૃદયભાષા!!!

માતૃભાષા માટે ગર્વ ન લેનારને પોતાનાં વજૂદનો ગર્વ કરવાની છૂટ નથી. માતૃભાષા અસ્તિત્વનો એક ભાગ છે, અને આવા અસ્તિત્વને ધૃણાસ્પદ ગણનારે ચહેરાની રેખાઓ અને આંગળાની ફિંગરપ્રિન્ટ મિટાવી દેવા જોઈએ - આવનારા વર્ષોમાં ગુજરાતી ભાષાનાં સ્વરૂપમાં ફેરફાર ચોક્કસ થશે પણ યોગ્ય પ્રયત્નો થાય તો તે સંપૂર્ણ નાશ નહીં પામે તેવી શ્રધ્ધા છે - અને આ શ્રધ્ધા જ્યાં સુધી દરેક ગુજરાતીનાં શ્વાસમાં જીવશે ત્યાં સુધી ગુજરાતી ગર્વિતા ટકી રહેશે!! આ શ્રધ્ધા ગુમાવનારને પોતાને ગુજરાતી કહેવાનો હક નથી - તેનાં કરતાં વેપારીઓ અને વેશ્યાઓ સારા જે એકસાથે ઘણી ભાષાઓમાં જીવી જાણે છે. દરેક ગુજરાતી પોતાની જવાબ નીચે ઈમાનદારીનું થર્મોમીટર મુકી સ્વાભિમાન ચકાસી લે!! અસ્તુ!

જય જય ગરવી ગુજરાત!!

"લંડનમાં બેઠાં બેઠાં ગુજરાતીમાં લખેલાં ખત મળે,

જાણે થેમ્સનાં કાંઠે સાબરમતીનાં દસ્તખત મળે."

- સ્વરચિત

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

આ સપ્તાહનો સવાલ...?

કેન્દ્ર સરકારના કયા મંત્રી 'હિંદુ આતંકવાદ'ના મુદ્દે વિવાદોમાં છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

સાચા જવાબો :-

૬ (૫૬) ૫૦ (૨૬) ૫૦ (૬૬) ૬ (૨૬) ૬ (૬૬) ૫૦ (૦૬)
૬ (૨) ૫૦ (૭) ૫૦ (૦) ૬ (૩) ૫૦ (૫) ૬ (૨) ૫૦ (૬) ૬ (૬)